| | |
|---|---|
| રજુ તારીખ | ૨૪.૦૮.૨૦૨૩ |
| દાખલ તારીખ | ૨૪.૦૮.૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૨૪.૦૪.૨૦૨૬ |
| અવધિ | વ.૦૨, મા.૦૮, દિ.૦૦ |

ખેડાના મહે.પ્રિન્સીપલ સીનીયર સીવીલ  જજ સાહેબની  કોર્ટમાં, મું.ખેડા.

**રે.દિ.મુ.નં.૭૧/૨૦૨૩**
**આંક:– ૫૧**

**વાદી :–**

મંગળભાઈ જીવાભાઈ ભોઈ,

ઉં.વ.૮૨, ધંધો : ખેતી,

રહે. ૫૯૮, નાનોવાસ, મુ.નવાગામ, તા.જી.ખેડા.

**વિ રૂ દ્ધ.**

**પ્રતિવાદી :–**

જશુભાઈ દેવરાજભાઈ પટેલ,

ઉં.વ.પુખ્ત, ધંધો : રાઈસમીલ,

રહે. ૧૯, શીવકુંજ સોસાયટી, જુના અમદાવાદ રોડ,

મુ.બારેજા, તા.જી.ખેડા.

**બાબત :–** સ્પેસીફીક રીલીફ એકટની કલમ ૩૪, ૩૭ મુજબ ડેકલેરેશન સ્યુટ.

---

**વાદી તરફે વિ.વકીલશ્રી એ.આર.વ્યાસ**
**પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી કે.એન.કાછીયાપટેલ**

---

-: <u>જજમેન્ટ</u> :-

૧. <u>વાદીના દાવાની હકીકત :-</u>

૧.૧. આ કામના વાદીની દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી મોજે નવાગામ મુકામે રહે છે અને મોજે કઠવાડા સીમ વિસ્તારમાં ખાતા નં.૩૮૪ થી બ્લોક સર્વે નં.૬૦૯ જેનુ ક્ષેત્રફળ હે.આરે.૦-૩૧-૩૫ ચો.મી. જેનો આકાર ૧.૨૧ વાળી ખેતીલાયક જમીન જેના ખુંટ ચારની વિગત જોતાં પૂર્વે : ઓ.એન.જી.સી. ની તથા પ્રતિવાદીની જમીન, પશ્ચિમે : બારેજા-નવાગામ દાંડી હાઈવે-જાહેર માર્ગ, ઉત્તરે : પાણીનો વહેળો તથા દક્ષિણે : પ્રતિવાદીની તથા જગદીશભાઈ અંબાલાલની જમીન જેમાં ઓ.એન.જી.સી.નો પોઈન્ટ આવેલ છે. આમ, ઉપરોકત ચાર ખુંટવર્ણનવાળી મિલકત વડીલોપાર્જીત સમયથી વાદીના પ્રત્યક્ષ માલિકી, કબજા ભોગવટામાં આવેલ છે જેને હવે પછી સરળતા ખાતર દાવાવાળી મિલકત તરીકે ઉલ્લેખ કરેલ છે.

૧.૨. વધુમાં જણાવે છે કે, સદર જમીન વાદીને વડીલો તરફથી મળેલ છે. સદર જમીનમાં અગાઉ વાદીના વડીલ ખેતી કરતા હતા અને હાલમાં વાદી જાતે છેલ્લા ૬૦ વર્ષ ઉપરાંતથી ખેતી કરી જુદાજુદા પાકો લેતાં આવેલ છે. વાદીની જમીનની બાજુમાં બ્લોક/સર્વે નં.૬૦૮-અ તથા બ્લોક/સર્વે નં.૬૦૮-બ વાળી જમીન આવેલ છે, જેઓના મુળ માલિક પાસેથી જે તે સ્થળ સ્થિતિ મુજબ આ કામના પ્રતિવાદીએ સદર જમીનો સને ૨૦૦૩ માં ખરીદ કરેલ હતી. પ્રતિવાદીએ સદર મિલકત સને ૨૦૦૩ માં ખરીદ કરી તે સમયે બ્લોક/સર્વે નં.૬૦૮-અ તથા બ્લોક/સર્વે ૬૦૮-બ ની કોઈ માપણી કરાવી હોય અને કબજો લીધેલ હોય તેવું બનેલ નથી. વાદી ખેતી કરે છે તે માલિકી

પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી બ્લોક/સર્વે નં. ૬૦૯ વાળી મિલકત તથા પ્રતિવાદીની બ્લોક/સર્વે નં.૬૦૮–અ તથા બ્લોક/સર્વે નં.૬૦૮–બ વાળી મિલકતની હદના કબજાની સ્થિતિમાં સને ૨૦૦૩ કે તે અગાઉ કોઈ બદલાવ આવેલ નથી કે તે થયેલ નથી. જે બાબતથી પ્રતિવાદી પણ જાણકાર છે. જેથી, તે બાબતને લઈને ક્યારેય તકરાર પણ થયેલ નથી. પ્રતિવાદીની જમીન ઓ.એન.જી.સી. માં આપેલ છે. વાદી પોતાની માલિકીની દાવાવાળી બ્લોક/સર્વે નં.૬૦૯ વાળી જમીનમાં પ્રત્યક્ષ કબજા ભોગવટા આધારે છેલ્લા ૭૦ વર્ષ ઉપરાંતથી ખેતી કરતા આવેલ છે તે જમીન પ્રતિવાદી પોતાની હોવાનું જણાવી, સદર જમીન પચાવી લેવાના બદ હેતુથી ધાક ધમકી આપી સોંપી દેવા માટે દાબ દબાણ કરી રહેલ છે અને પ્રતિવાદીની ઉપરોકત ધાક ધમકી અને દબાણને વશ ન થતાં, પ્રતિવાદી વાદીની સામે લેન્ડ ગ્રેબીંગ એકટ અન્વયે સને ૨૦૨૨ માં બ્લોક/સર્વે નં.૬૦૮–અ તથા બ્લોક/સર્વે નં.૬૦૮–બ વાળી મિલકત પચાવી પાડેલ હોવાના ખોટા આક્ષેપોવાળી અરજી કરેલ હતી અને જે કામે પ્રતિવાદીની અરજી ફાઈલે કરવામાં આવેલ હોવાનું જાણમાં આવેલ છે. ત્યારબાદ પ્રતિવાદી પોતે રાઈસ મીલ ધરાવતા હોય અને પૈસે ટકે ખુબ જ સધ્ધર અને રાજકીય રીતે લાંબી પહોંચવાળા હોય, વાદીની જાણ બહાર, પોતાના મળતિયાઓ મારફતે ખોટા પુરાવા ઉભા કરી, પ્રતિવાદી ધ્વારા પુન: ૨૦૨૩ માં લેન્ડ ગ્રેબીંગ એકટ અન્વયે અરજી કરેલ હોવાનુ અને તે થકી વાદીની માલિકી કબજા ભોગવટાવાળી દાવાવાળી બ્લોક/સર્વે નં.૬૦૯ માં વાદી ખેતી કરે છે તે મિલકત પડાવી લેવાના કારસા રચી રહેલ છે અને વાદીને બ્લોક/સર્વે નં.૬૦૯ વાળી દાવાવાળી મિલકતના કબજા ભોગવટામાંથી બેદખલ કરવાનો

પ્રયત્ન કરી રહેલ છે. જેથી પ્રતિવાદીના ગેરકાયદેસરનું કૃત્ય અટકાવવા હાલનો ડેકલેરેશન તથા મનાઈ હુકમ મેળવવા આ દાવો લાવવાનુ કારણ ઉત્પન્ન થયેલ હોવાની હકીકત જણાવી દાવા અરજીના પારા–૭ માં જણાવ્યા મુજબની દાદ માંગતો હાલનો આ દાવો લાવેલ છે.

૧.૩. <u>વાદીએ હાલનો દાવો લાવી પારા–૭ માં નીચે મુજબની દાદ ગુજારેલ છે.</u>

(અ) અમો વાદીના માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી મોજે કઠવાડા સીમ વિસ્તારમાં બ્લોક/સર્વે નં.૬૦૯ ખાતા નં.૩૮૪ વાળી ખેતીલાયક દાવાવાળી મિલકતના કબજા ભોગવટામાં હરકત અંતરાય કરવાનો કે ખેતી કરતા અટકાવવાનો અમો વાદી કે અમારા અધિકૃત માણસોને ખેતીને લગતુ કામ કરતા અટકાવવાનો આ કામના પ્રતિવાદીને પોતે કે તેઓના એજન્ટો, એસાઈનીઓ, નોકરોને કે મળતિયાઓ દખલ, હરકત, અંતરાય, અટકાવ કરવાનો કોઈ હકક કે અધિકાર નથી તેવુ ઠરાવો.

(બ) અમો વાદીના માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી મોજે કઠવાડા સીમ વિસ્તારમાં બ્લોક/સર્વે નં.૬૦૯ ખાતા નં.૩૮૪ વાળી ખેતીલાયક દાવાવાળી મિલકતના કબજા ભોગવટામાં પ્રતિવાદીને કે, તેમના માણસો, એજન્ટો, એસાઈનીઓ, કુલમુખત્યારો કે અન્ય કોઈપણ ઈસમ કોઈ હેલો હરકત, અંતરાય, અટકાવ કરવાનો કોઈ હકક કે અધિકાર નથી તેવુ ઠરાવી, અમો વાદીના લાભમાં પ્રતિવાદી વિરૂધ્ધ જાથુનો મનાઈ હુકમ આપવા મે.કરશોજી.

(ક) આ દાવાનું તમામ ખર્ચ આ કામના પ્રતિવાદી પાસેથી અપાવશોજી.

(ડ) આ દાવાનું સ્વરૂપ જોતા આપ નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ યા દાદો અપાવવા મે.કરશોજી.

**૨..** <u>પ્રતિવાદીઓનો દાવા જવાબ:-</u>

૨.૧. આ કામે પ્રતિવાદીને ધારાસરનાં સમન્સ/નોટિસ બજતાં પ્રતિવાદીએ તેમના વિ.વકીલશ્રી કે.એન.કા.પટેલ મારફતે હાજર થઈ આંક-૧૨ થી લેખિત જવાબ રજુ કરી વાદીના દાવાની વિગતોનો પારાવાઈઝ સર્વાશે ઈન્કાર કરી જણાવે છે કે, વાદી ધ્વારા દાવા અરજીમાં રજુ કરેલ તમામ હકીકતો ખોટી છે. વાદીએ પ્રતિવાદીની માલિકીની જમીનમાં દબાણ કરેલ છે અને પ્રતિવાદીની જમીનની ચારે બાજુની જમીનો તથા તમામ જમીનની માપણી કરવા માટે અરજી કરેલ છે. વાદીએ ખોટી રીતે દબાણ કરી પ્રતિવાદીની જમીન પચાવી પાડવાના હેતુથી અને પ્રતિવાદીને હેરાન કરવાના ઈરાદાથી ખોટો દાવો ઉભો કરેલ છે, જેમાંની તમામ હકીકતો ખોટી છે જે પ્રતિવાદીને કબુલ મંજૂર અને બંધનકર્તા નથી.

૨.૨. વધુમાં જણાવે છે કે, વાદીએ તદ્દન ખોટા આક્ષેપોવાળી દાવા અરજી કરી પ્રતિવાદીને કાયદાકીય ગુંચમાં ફસાવી ખોટી રીતે હેરાન કરવા દાવા અરજી કરેલ છે. આ કામે વાદીએ રૂા.૧૦૦૦/-ના આંકથી દાવો કરેલ છે તે ધ્યાને લેતાં વાદીએ કોર્ટ ફી સ્ટેમ્પ ઓછો વપરાયેલ છે. જેથી, પણ વાદીનો દાવો ચાલવા પાત્ર નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતાં વાદીનો રદ કરી પ્રતિવાદીની તરફેણમાં હુકમ કરવા અરજ કરેલ છે.

૩.. આ કામે વાદી તર્ફે પુરાવાનાં તબકકે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

<u>મૌખિક પુરાવા :–</u>

૧. આંક–૪૩ થી વાદી મંગળભાઈ જીવાભાઈ ભોઈની સો.ઉ.ની જુબાની.

૨. આંક–૪૫ થી સાહેદ અંકીતભાઈ નલિનભાઈ ભોઈની સો.ઉ.ની જુબાની.

<u>દસ્તાવેજી પુરાવા:–</u>

૧. આંક–૧૯ થી બ્લોક/સર્વે નં.૬૦૯ ના ગામ નમૂના નં.૭.

૨. આંક–૨૦ થી ખાતા નં.૩૮૪ નો ગામ નમૂના નં.૮–અ.

૩. આંક–૨૧ થી જમીન મહેસૂલ ભર્યાની પહોંચ.

૪. આંક–૨૨ થી જમીન મહેસૂલ ભર્યાની પહોંચ.

૫. આંક–૨૩ થી દાવાવાળી બ્લોક/સર્વે નં.૬૦૯ નો જુનો સર્વે નં.૪૫૯ હોવાનું દર્શાવતો અકત્રીકરણ અધિકારીની સહી સીકકવાળી નકલ.

૬. આંક–૨૪ થી જુના સર્વે નં.૪૫૯ ના ગામ નમૂના નં.૭/૧૨.

૭. આંક–૨૫ થી ગામ નમૂના નં.૬ ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૧૮૭૫.

૮. આંક–૨૬ થી બ્લોક/સર્વે નં.૬૦૮–અ નો ગામ નમૂના નં.૭

૯. આંક–૨૭ થી બ્લોક/સર્વે નં.૬૦૮–બ નો ગામ નમૂના નં.૭

૧૦. આંક–૨૮ થી બ્લોક/સર્વે નં.૬૦૮–અ સંબંધે થયેલ લેન્ડ ગ્રેબીંગ એકટ અન્વયે થયેલ અરજીના કામે વાદીને આપેલ નોટિસ.

૧૧. આંક–૨૯ થી બ્લોક/સર્વે નં.૬૦૮–બ સંબંધે થયેલ લેન્ડ ગ્રેબીંગ એકટ અન્વયે થયેલ અરજીના કામે વાદીને આપેલ નોટિસ.

૧૨. આંક–૩૦ થી લેન્ડ ગ્રેબીંગની અરજીના કામે વાદીએ આપેલ નિવેદન.

૧૩. આંક–૩૧ થી બ્લોક/સર્વે નં.૬૦૮–અ તથા ૬૦૮–બ સંબંધે આપેલ લેન્ડ ગ્રેબીંગની અરજીઓ ફકતરે કરતો મામલતદારશ્રી ખેડાનો હુકમ.

૧૪. આંક–૩૨ થી બ્લોક/સર્વે નં.૬૦૮–અ તથા ૬૦૮–બ સંબંધે આપેલ લેન્ડ ગ્રેબીંગની અરજીઓ ફકતરે કરતો આસિસ્ટન્ટ કલેકટરશ્રી ખેડાનાઓનો હુકમ.

૧૫. આંક–૩૩ થી બ્લોક/સર્વે નં.૬૦૮–અ તથા ૬૦૮–બ સંબંધે આપેલ લેન્ડ ગ્રેબીંગની અરજીઓ ફકતરે કરતો ડિસ્ટ્રીકટ લેન્ડ ગ્રેબીંગ કમિટીના સભ્ય સચિવશ્રીનો હુકમ.

૧૬. આંક–૩૪ થી બ્લોક/સર્વે નં.૬૦૮–અ તથા ૬૦૮–બ સંબંધે થયેલ લેન્ડ ગ્રેબીંગ એકટ અન્વયેની અરજીના કામે નાયબ કલેકટરશ્રી ખેડાનાએ વાદીને આપેલ નોટિસ.

૧૭. આંક–૩૫ થી વાદીએ નાયબ કલેકટરશ્રી ખેડાનાએ આપેલ લેન્ડ ગ્રેબીંગ અન્વયેની નોટિસના કામે આપેલ લેખિત જવાબ.

૧૮. આંક–૩૬ થી બ્લોક/સર્વે નં.૬૦૮–અ તથા ૬૦૮–બ સંબંધે થયેલ લેન્ડ ગ્રેબીંગ એકટ અન્વયેની અરજીના કામે મદદનીશ કલેકટરશ્રી ખેડાનાએ વાદીને આપેલ નોટિસ.

૧૯. આંક–૩૭ થી બ્લોક/સર્વે નં.૬૦૮–અ તથા ૬૦૮–બ સંબંધે થયેલ લેન્ડ ગ્રેબીંગ એકટ અન્વયેની અરજીના

કામે નાયબ કલેકટરશ્રી ખેડાનાએ વાદીને આપેલ નોટિસ.

૨૦. આંક–૩૮ થી જીલ્લા નિરીક્ષક જમીન દફતરને વાદીએ જમીન માપણી સારૂ કરેલ અરજી.

૨૧. આંક–૩૯ થી હદ માપણી અંગે વાદીએ આપેલ સંમતિ પત્રક.

૨૨. આંક–૪૦ થી ઓ.એન.જી.સી. ધ્વારા આપવામાં આવેલ પ્રમાણ પત્ર.

૨૩. આંક–૪૧ થી ઓ.એન.જી.સી.ધ્વારા પ્રતિવાદીને આપેલ રીકવરી નોટિસ.

૨૪. આંક–૪૨ થી બ્લોક નં.૬૦૯ ની માપણી બાબતે ઓનલાઈન ભરેલ ફીની રસીદ.

ત્યારબાદ આંક–૪૬ થી વાદી તરફે પુરાવા બંધની પુરસીસ રજુ થતાં, વાદીનો વધુ પુરાવો ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે.

**૪..** આ કામે પુરાવાના તબકકે પ્રતિવાદી તરફેના વિ.વકીલશ્રીએ પુરાવો રજુ કરવા મુદત અરજીઓ આપી સમય માંગતા તેઓને માંગ્યા મુજબનો સમય આપવા છતાં નિયત સમયમાં પુરાવો રજુ ન કરતાં આ કામે સદર કામ વિલંબિત થતુ હોય ન્યાયના હિતમાં પ્રતિવાદીના પુરાવાનો હકક ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે.

**૫..** <u>દલીલો:</u>–

૫.૧. આ કામે વાદી તરફેના વિ.વકીલશ્રી એ.આર.વ્યાસની તથા પ્રતિવાદી તરફેના વિ.વકીલશ્રી કે.એન.કા.પટેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૫.૨. આ કામે પક્ષકારો તરફે તેઓની મૌખિક દલીલોમા જે રજુઆત કરેલ છે તે રેકર્ડપરના રજુ પુરાવાને આધીન હોય તેનુ પુનરાવર્તન ટાળવા

હાલમાં તેની ચર્ચા કરવામાં આવતી નથી, પરંતુ જરૂર પડયે યથાસ્થાને તેની ચર્ચા કરવામાં આવશે.

**૬..** સદરહું દાવાના નિર્ણય અર્થે આંક–૧૪ થી નીચે મુજબના મુદ્દા ઘડેલ છે.

**–:: મુદ્દા ::–**

૧. શું વાદી સાબિત કરે છે કે, વાદગ્રસ્ત બ્લોક/સર્વે નં.૬૦૯ ક્ષેત્રફળ હે.આરે.૦–૩૧–૩૫ ચો.મી.વાળી જમીન તેઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાવાળી વડીલોપાર્જીત મિલકત છે ?

૨. શું વાદી સાબિત કરે છે કે, પ્રતિવાદીની માલિકીની જમીન બ્લોક/સર્વે નં.૬૦૮–અ તથા ૬૦૮–બ આવેલ જે તેઓએ ઓ.એન.જી.સી. માં આપેલ છે ?

૩. શું વાદી સાબિત કરે છે કે, વાદગ્રસ્ત જમીન તેઓની માલિકી કબજાની આવેલ હોવા છતાં પ્રતિવાદી તેમની હોવાનું જણાવી સદર જમીન પડાવી લેવા ધાક ધમકીઓ આપી રહેલ છે અને ખોટે ખોટી ફરીયાદ કરી રહેલ છે ?

૪. શું વાદી સાબિત કરે છે કે, વાદગ્રસ્ત જમીનમાંથી તેઓને બેદખલ કરવાનો પ્રતિવાદીને કોઈ હકક કે અધિકાર નથી ?

૫. શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૬. શું હુકમ અને શું હુકમનામું ?

૭.. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. હકારમાં.

૪. હકારમાં.

૫. આખરી હુકમ મુજબ.

***<u>-: નિર્ણયના કારણો :-</u>***

૮.. **<u>મુદ્દા નંબર ૧ ની ચર્ચા :-</u>**

આ કામે ઉભય પક્ષકારના વિ.વકીલશ્રીની દલીલના સંદર્ભમાં, ઉપરોકત મુદ્દા નંબર ૧ પુરવાર કરવા વાદી તરફે રજુ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, વાદી મંગળભાઈ જીવાભાઈ ભોઈની આંક–૪૩ ની સોગંદઉપરની જુબાની ધ્યાને લેતાં તેઓએ દાવા પ્લીડીંગ મુજબ દાવાવાળી જમીન મોજે કઠવાડા સીમના ખાતા નં.૩૮૪ જેનો બ્લોક/સર્વે નં.૬૦૯ ક્ષેત્રફળ હે.આરે.૦–૩૧–૩૫ ચો.મી.આકાર રૂા.૦.૧૨ પૈસાવાળી જમીન જે તેઓની પ્રત્યક્ષ માલિકી કબજા ભોગવટાની આવેલ છે. સદર જમીનનો જુનો સર્વે નં.૪૫૯ હતો જેનું એકત્રીકરણ થતાં નવો બ્લોક/સર્વે નં.૬૦૯ પડેલ છે અને સદર જમીન તેઓને તેમના વડીલો તરફથી મળેલ છે અને તેમાં તેઓ ૭૦ વર્ષ ઉપરાંતથી ખેતી કરતા આવેલ છે અને તેવા કરેલ કથનના સમર્થનમાં આંક–૧૯ થી આંક–૨૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે જે પૈકી આંક–૨૫ થી રજુ ફેરફાર નોંધ નં.૧૮૭૫ ધ્યાને લેતાં દાવાવાળી જમીન તથા અન્ય જમીનો જે જેણાભાઈ ભીખાભાઈના નામે ચાલતી હતી તેઓ તા.૨૬.૦૬.૧૯૭૦ ના રોજ અવસાન

પામતાં સદર જમીનોમાં અન્ય વારસદાર સાથે વાદી મંગાભાઇ જીવાભાઈની વારસાઈ થયેલ છે. તદુઉપરાંત આંક–૨૩ થી રજુ એકત્રીકરણ અધિનિયમ અન્વયે તૈયાર થયેલ તખતાના રજીસ્ટરની નકલ ધ્યાને લેતાં તેમાં વાદગ્રસ્ત મિલકતનો જુનો સર્વે નં.૪૫૯ હોવાની વિગત દર્શાવેલ અને એકત્રીકરણ અમલમાં આવ્યા બાદ તેનો નવો બ્લોક નં.૬૦૯ પડેલ જે આંક–૨૪ થી રજુ વાદગ્રસ્ત જમીનના જુના તથા નવા ગામ નમૂના નં.૭ અને ૧૨ ના ઉતારા ધ્યાને લેતાં જણાય છે. વધુમાં આ કામે પ્રતિવાદી તરફે વાદગ્રસ્ત જમીનનો બ્લોક નં.૬૦૯ ન હોવાનો કે તે જમીન વાદીની વડીલોપાર્જિત માલિકીની આવેલ નથી તેવી કોઈજ તકરાર લીધેલ નથી તે સંબંધે વાદીની ઉલટ તપાસ દરમ્યાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત કરેલ નથી. તકરાર ફકત એટલી લીધેલ છે કે, વાદીએ સદર જમીન તેઓને વેચાણ આપી દીધેલ છે પરંતુ તે અંગે પુરાવો ધ્યાને લીધા બાદ નિર્ણય કરવામાં આવશે પરંતુ હાલના તબકકે સદર જમીન વાદીની વડીલોપાર્જિત માલિકી કબજાની હોવાનુ સ્પષ્ટ જણાઈ આવતુ હોય તે મુજબ ઉપરોકત નિર્ણિત મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

૯.. **<u>મુદ્દા નંબર ૨ ની ચર્ચા :–</u>**

આ કામે ઉભય પક્ષકારના વિ.વકીલશ્રીની દલીલના સંદર્ભમાં રેકર્ડ પરના રજુ પુરાવા આધારે ઉપરોકત મુદ્દા નંબર ૨ અંગે ચર્ચા કરવામાં આવે તો આ કામે બ્લોક/સર્વે નં.૬૦૮–અ તથા બ્લોક/સર્વે નં.૬૦૮–બ વાદીની રજુઆત મુજબ તે પ્રતિવાદીની માલિકી કબજાના આવેલ અને આ કામે પ્રતિવાદી તરફે પણ સદર બ્લોક/સર્વે નંબર વાળી જમીનો તેઓની માલિકી કબજાની આવેલ

નથી તેવી કોઈજ તકરાર લીધેલ નથી. વધુમાં આ કામે વાદી મંગળભાઈ જીવાભાઈ ભોઈએ તેઓની આંક–૪૩ ની જુબાનીમાં જણાવ્યા મુજબ બ્લોક/સર્વે નં.૬૦૮–અ વાળી જમીનના અગાઉના માલિક નિખીલેશભાઈ જયંતીભાઈ મોઢ હતા તથા બ્લોક/સર્વે નં.૬૦૮–બ વાળી જમીનના અગાઉના માલિક જયદીપભાઈ હસમુખભાઈ કોઠારી વિગેરે હતા જેઓ પાસેથી વાદીએ તા.૧ ૩.૦૨.૨૦૦૩ ના રોજ સ્થળ સ્થિતિ મુજબ વેચાણ રાખેલ છે પરંતુ માપણી કરાવી કબજો લીધેલ હોય તેવું બનેલ નથી. તેઓની જમીન બ્લોક/સર્વે નં. ૬૦૯ વાળી પ્રત્યક્ષ માલિકી કબજાની આવેલ તથા પ્રતિવાદીની બ્લોક/સર્વે નં.૬૦૮–અ તથા ૬૦૮–બ ની મિલકતના હદના કબજાની સ્થિતિમાં સને ૨૦૦૩ કે તે અગાઉ કોઈ બદલાવ આવેલ નથી કે થયેલ નથી અને તે બાબતની પ્રતિવાદીને પણ જાણકારી છે અને તે બાબતે કયારેય કોઈ તકરાર થયેલ નથી, પરંતુ પ્રતિવાદીની જમીન ઓ.એન.જી.સી.માં જતાં તેઓ ધ્વારા વાદીની જમીન પોતાની હોવાનું જણાવી તકરાર ઉભી કરી તેઓની જમીન બદ હેતુથી ધાક ધમકી તળે પડાવી લેવા દાબ દબાણ કરી રહેલ છે અને તેવા કથનના સમર્થનમાં આંક–૪૦ થી ઓ.એન.જી.સી. તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્ર તથા આંક–૪૧ થી ઓ.એન.જી.સી. તરફથી આપવામાં આવેલ રીકવરી નોટિસ રજુ રાખેલ છે. સદર આંક–૪૦ થી રજુ પ્રમાણપત્ર જોતાં તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે, મોજે કઠવાડા અને નવાગામ, તા.જી.ખેડાની સીમના સર્વે/બ્લોક નંબર ૬૦૮ પૈકીમાંથી ૪૭૬૦ ચો.મી. સર્વે/બ્લોક નંબર ૧૨૮૫ પૈકીમાંથી ૪૭૮૫ ચો.મી. તથા સર્વે/બ્લોક નંબર ૧ ૨૨૬ પૈકીમાંથી ૧૦૧૦ ચો.મી. તથા સર્વે/બ્લોક નંબર ૧૨૯૧

પૈકીમાંથી ૨૨૨૬ ચો.મી. જમીન હંગામી ધોરણે ભાડા પટા પર સંપાદન થયેલ છે અને તેના પાક વળતર પેટે રૂા.૪,૭૨,૮૯૦/– પુરા તા.૨૬.૧૦.૨૦૧૦ ના રોજના ચેક નં.૯૮૬૭૦૦ થી ચુકવી આપેલ છે. આમ, સદર પ્રમાણપત્ર મુજબ બ્લોક/સર્વે નં.૬૦૮ પૈકીમાંથી ૪૭૬૦ ચો.મી.જમીન સંપાદન કરવામાં આવેલ છે. હકીકતમાં બ્લોક/સર્વે નં.૬૦૮ પૈકી વાળી જમીનમાં ૪૭૬૦ ચો.મી.જમીન ન હોવા છતાં પ્રતિવાદીએ પુરેપુરુ જમીન સંપાદનનું ઓ.એન.જી.સી.એ ચુકવેલ ભાડુ વસુલ લઈ લીધેલ હકીકતમાં બ્લોક/સર્વે નં.૫૭૦/૨ ની ૩૨૦૦ ચો.મી.જમીન કીરણબેન જગદીશભાઈના કબજાની હોવાથી અને પ્રતિવાદીની બ્લોક/સર્વે નં.૬૦૮ પૈકીવાળી જમીન હે.આરે.૦૦–૧૫–૬૦ ચો.મી. જમીન જ હોવાથી વધુ જમીનનું ભાડુ જે કીરણબેનને ચુકવવાનુ થતુ હોય તે પરત કરવા ઓ.એન.જી.એ પ્રતિવાદીને આંક–૪૧ થી રજુ નોટિસ આપેલ. આમ, સદર આંક–૪૦,૪૧ થી રજુ દસ્તાવેજી પુરાવા જોતાં સ્પષ્ટ જણાય છે કે, પ્રતિવાદીના બ્લોક/સર્વે નં.૬૦૮ પૈકીની કુલ ૧૫૬૦ ચો.મી.જમીન ઓ.એન.જી.સી.માં સંપાદન થયેલ છે. જયારે આ કામે પ્રતિવાદીની જમીન સંપાદન થયેલ નથી તે બાબતે પ્રતિવાદી તરફે કોઈજ પુરાવો આ કામે રજુ નથી. પ્રતિવાદીને પુરતી તક આપવા છતાં તે બાબતે પ્રતિવાદીએ જાતે હાજર રહી મૌખિક કે લેખિત કોઈજ પુરાવો રજુ રાખેલ નથી કે જેનાથી એ હકીકત સાબિત થાય છે કે, જે જમીન ઓ.એન.જી.સી.માં સંપાદન થયેલ તે બ્લોક/સર્વે નં.૬૦૮ પૈકીની નહી પરંતુ વાદીની બ્લોક/સર્વે નં.૬૦૯ પૈકીની જમીન સંપાદન થયેલ છે. આમ, વાદી તરફે આંક–૪૦ થી રજુ પુરાવો જોતાં એ હકીકત સ્પષ્ટ જણાય

છે કે પ્રતિવાદીની માલિકીની બ્લોક/સર્વે નં.૬૦૮ પૈકીની જમીન ઓ.એન.જી.સી.માં સંપાદન થયેલ છે અને તે મુજબ ઉપરોકત નિર્ણિત મુદ્દા નંબર ૨ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

૧૦.. <u>મુદ્દા નંબર ૩ ની ચર્ચા :–</u>

આ કામે વાદીની રજુઆત મુજબ દાવાવાળી બ્લોક/સર્વે નં.૬૦૯ વાળી જમીન તેઓની વડીલોપાર્જિત સ્વતંત્ર માલિકી કબજાની આવેલ છે અને તે હકીકત આંક–૧૯, ૨૦ થી રજુ રેવન્યુ રેકર્ડના ગામ નમૂના નં.૭ અને ૮–અ ધ્યાને લેતાં જણાય છે. જયારે પ્રતિવાદીની રજુઆત મુજબ વાદીએ તેઓની જમીન પ્રતિવાદીને વેચાણ આપી દીધેલ છે અને તે જમીન ઓ.એન.જી.સી.માં સંપાદન થયેલ છે પરંતુ વાદીએ તેઓની માલિકીની જમીન પ્રતિવાદીને વેચાણ આપેલ હોય તો તે અંગેનો વેચાણ દસ્તાવેજ આ કામે પ્રતિવાદી તરફે રજુ નથી. તદુઉપરાંત સદર જમીન પ્રતિવાદીએ વેચાણ રાખેલ હોય તો તે અંગેની રેકર્ડે વેચાણ ફેરફાર નોંધ પણ પડેલ હોઈ શકે. પરંતુ આવી કોઈજ વેચાણ ફેરફાર નોંધ પણ આ કામે રજુ નથી તેવા સંજોગોમાં બ્લોક/સર્વે નં.૬૦૯ વાળી જમીન પ્રતિવાદીએ વેચાણ રાખેલ હોવાનુ સાબિત થતુ નથી. વધુમાં આ કામે વાદીની પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન કહેવાતી બ્લોક/સર્વે નં.૬૦૯ વાળી જમીન પ્રતિવાદીને વેચાણ આપેલ હોય અને તે હાલે પ્રતિવાદીના કબજા ભોગવટામાં આવેલ હોય તેવી કોઈજ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આ કામે વાદીની ઉલટ તપાસ દરમ્યાન પ્રતિવાદી તરફે પુછવામાં આવેલ સવાલનો જવાબ જોતાં બ્લોક/સર્વે નં.૬૦૯ ના પૂર્વ બાજુ જશભાઈની જમીન આવેલ છે. તદુઉપરાંત વાદી તરફેના સાહેદ અંકીતભાઈ નલીનભાઈ ભોઈએ આંક–૪૫ થી

રજુ કરેલ સરતપાસની પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પુછવામાં આવેલ સવાલના જવાબ જોતાં દાવાવાળી સર્વે નં.૬૦૯ વાળી જમીન નવાગામ થી બારેજા રોડ ઉપર કઠવાડાની સીમમાં આવેલ છે. પ્રતિવાદી જશભાઈ દેવરાજભાઈ પટેલની જમીન અમારી જમીનની બાજુમાં આવેલ છે, જશભાઈની જમીનનો સર્વે નં.૬૦૮ છે. સદર જમીન ઉપર પ્રતિવાદી ખેતી કરે છે અને ઉપજ મેળવે છે. ત્યારબાદ સ્વીકારે છે કે, સર્વે નં.૬૦૮–અ, ૬૦૮–બ તથા ૬૦૯ ત્રણેય જમીનો જુદીજુદી છે. તેઓ સ્વીકારે છે કે, આ કામના વાદી તથા પ્રતિવાદી પોત પોતાના નામે આવેલ જમીનો પોત પોતે ખેડે છે. આમ, વાદી તથા સાહેદોનો ઉપરોકત પુરાવો જોતાં અને તેમાં પુછવામાં આવેલ લીડીંગ પ્રશ્નના જવાબ જોતાં પણ વાદીની માલિકીની જમીન બ્લોક/સર્વે નં.૬૦૯ આવેલ છે અને પ્રતિવાદીની જમીન બ્લોક/સર્વે નં.૬૦૮–અ તથા ૭૦૮–બ આવેલ છે અને તે ત્રણેય જમીનો અલગ અલગ છે અને તેમાં વાદી તથા પ્ર તિવાદી પોત પોતાના અલગ કબજામાં ખેતી કરે છે તે હકીકત રેકર્ડ પરના રજુ પુરાવા આધારે સ્પષ્ટ સાબિત થાય છે. આમ, રેકર્ડ પરના પુરાવા મુજબ બ્લોક/સર્વે નં.૬૦૯ વાળી જમીન વાદીના પ્રત્યક્ષ માલિકી કબજામાં આવેલ હોવાછતાં તે જમીન બળજબરીથી પડાવી લેવા પ્રતિવાદી દ્વારા વાદી વિરુધ્ધ તેઓની જમીનમાં ગેરકાયદેસર કબજો કર્યા અંગેની લેન્ડ ગ્રેબીંગ એકટ ૨૦૨૦ હેઠળની ફરિયાદ કરેલ જે ફરિયાદ અનુસંધાને જરૂરી તપાસ કરી પ્રતિવાદી જણાવે છે તેવું વાદી દ્વારા કોઈજ ગેરકાયદેસરનુ કૃત્ય કરવામાં આવેલ ન હોવાનુ રેકર્ડ પર આવતાં પ્રતિવાદીની સદર લેન્ડ ગ્રેબીંગ અન્વયેની ફરિયાદ/અરજી દફતરે કરવામાં આવેલ છે. જે આ

કામે આંક–૨૮ થી આંક–૩૭ સુધીના રજુ દસ્તાવેજી કાગળો ધ્યાને લેતાં જણાય છે. આમ, દાવાવાળી બ્લોક/સર્વે નં.૬૦૯ ક્ષેત્રફળ હે.આરે.૦–૩૧–૩૫ ચો.મી.જમીન વાદીની સ્વતંત્ર માલિકી કબજાની આવેલ છે તે ધાક ધમકી તળે પડાવી લેવા પ્રતિવાદીએ ખોટે ખોટી ફરિયાદો કરેલ હોવાનુ રેકર્ડ પરના રજુ પુરાવા આધારે સ્પષ્ટ જણાઈ આવતુ હોય તે મુજબ નિર્ણિત મુદ્દા નંબર ૩ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

**૧૦.. <u>મુદ્દા નંબર ૪ ની ચર્ચા :–</u>**

આ કામે વાદીની રજુઆત તથા ઉપરોકત મુદ્દા નબર ૧ તથા ૩ માં કરેલ વિગતે ચર્ચા મુજબ વાદગ્રસ્ત બ્લોક/સર્વે નં.૬૦૯ વાળી જમીન વાદીની સ્વતંત્ર માલિકી કબજા ભોગવાટની આવેલ છે અને તે હકીકત રેકર્ડ પરના રજુ પુરાવા આધારે સાબિત થયેલ છે. ત્યારે સદર જમીનમાંથી વાદીને બેદખલ કરવાનો પ્રતિવાદીને કોઈ હકક કે અધિકાર નથી અને તે મુજબ ઉપરોકત નિર્ણિત મુદ્દા નંબર ૪ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

**૧૧.. <u>મુદ્દા નંબર ૫ ની ચર્ચા :–</u>**

આ કામે ઉપરોકત મુદ્દા નંબર ૧ થી ૪ માં વિગતે ચર્ચા કર્યા પ્રમાણે વાદી દ્વારા પોતાની દાવા અરજીના સમર્થનમાં રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા આધારે દાવાવાળી મોજે કઠવાડાની સીમના ખાતા નં.૩૮૪ જેના બ્લોક/સર્વે નં.૬૦૯ ક્ષેત્રફળ હે.આરે.૦–૩૧ –૩૫ ચો.મી. જમીન વાદીની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટામાં આવેલ છે અને તેમાં વાદી ખેતી કરી પાક ઉત્પન્ન લેતાં આવેલ છે તે વાદીના પ્રત્યક્ષ કબજામાં પ્રતિવાદી જાતે કે તેમના માણસો, એજન્ટ કે એસાઈની મારફતે હેલો, હરકત કે અટકાયત કરવાનો કોઈ

હકક કે અધિકાર નથી તેવી દાવામાંની હકીકતો રજુ પુરાવા આધારે પુરવાર કરવામાં વાદી સફળ નીવડેલ હોય તે સંજોગોમાં દાવામાં જણાવ્યા મુજબની દાદ મેળવવા વાદી હકકદાર ઠરે છે તે મુજબ મુદ્દા નંબર ૫ નો જવાબ હકારમાં ઠરાવી મુદ્દા નંબર ૬ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**૧૨.. <u>મુદ્દા નંબર ૬ ની ચર્ચા :–</u>**

આ કામે ઉપરોકત હકીકતે અને વિગતે મુદ્દા નંબર ૧ થી ૫ ના પરીણામ સ્વરૂપ, મુદ્દા નંબર ૬ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

– વાદીનો દાવો મંજૂર કરવામાં આવે છે.

– મોજે કઠવાડાની સીમના ખાતા નં.૩૮૪ જેના બ્લોક/સર્વે નં.૬૦૯ ક્ષેત્રફળ હે.આરે.૦–૩૧–૩૫ ચો.મી.જેનો આકાર ૧.૨૧ પૈસાવાળી ખેતી લાકય જમીન વાદીની માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી આવેલ છે તેમાં વાદી જાતે કે તેમના અધિકૃત માણસો મારફતે ખેતીને લગતુ કામ કરતા અટકાવવાનો કે કબજામાં હેલો, હરકત, દખલ, અંતરાય કરવાનો પ્રતિવાદીને કે તેમના માણસો, એજન્ટો,અસાઈનીઓ, નોકરો કે મળતિયાઓને કોઈ હકક કે અધિકાર નથી તેવું ઠરાવવામાં આવે છે.

– વધુમાં, વાદગ્રસ્ત બ્લોક/સર્વે નં.૬૦૯ વાળી જમીનમાં આવેલ વાદીના પ્રત્યક્ષ કબજામાં કે વાદીની ખેતીમાં હેલો હરકત, અંતરાય, અટકાવ થાય તેવું કોઈજ કૃત્ય પ્રતિવાદીએ જાતે કે તેમના માણસો, એજન્ટો,અસાઈનીઓ, કુલમુખત્યારઓ કે અન્ય કોઈપણ ઈસમ મારફતે કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ વાદીના લાભમાં

અને આ કામના  પ્રતિવાદી વિરૂધ્ધ ફરમાવવામાં આવે છે.

– પક્ષકારોએ પોતાનું ખર્ચ પોતે ભોગવવું.

– હુકમ મુજબનું હુકમનામું દોરવું.

ઉપર મુજબનો હુકમ આજરોજ તા.૨૪મી,માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪.૦૪.૨૦૨૬
સ્થળ: ખેડા.

(મહેશકુમાર ચીમનલાલ પટેલ)
પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ
ખેડા.
[GJ01199]